૭૪

અમદાવાદ શહેરના છ નવા પોલીસ સ્ટેશનો
શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પસથ/૧૦૨૦૧૧/૧૦૫૫/વ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 27 OCT 2011

<u>વંચાણે લીધો:</u>

(૧)પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો તા.૨૯-૮-૧૧નો પત્ર ક્રમાંક: ઇ.૧/૧૫૩૬/નવી સેવા./૨૦૧૨-૧૩/૧૩૮૪/૨૦૧૧

<u>ઠ રા વ:</u>

અમદાવાદ શહેર એક મેગાસીટી શહેર જાહેર થયેલ છે અને અદ્યતન સુવિધાવાળું શહેર છે અમદાવાદ શહેરનો ઔદ્યોગિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે ઘણો મોટો વિકાસ થયેલ છે શહેરનો પોલીસ કમિશ્નરેટ વિસ્તાર આશરે ૫૩૬ ચોરસ કિ.મી. જેટલો છે. જેમ શહેરનો વિકાસ થાય તેમ વસ્તીમાં પણ વધારો થાય છે અને વસ્તીનું પ્રમાણ વધતાં ગુનાખોરીનું પ્રમાણ પણ વધવા પામે છે. કોમી રમખાણો,આંતકવાદીઓના હુમલાઓ, બોમ્બ બ્લાસ્ટ અને દેશમાં આંતકવાદીના હીટ લીસ્ટમાં અમદાવાદ શહેરનું નામ પણ આવે છે. આ જોતાં પોલીસ ખાતાની જવાબદારી વધી જતી હોઇ હાલની પરિસ્થિતિને પહોંચી વળવા હાલના પોલીસ સ્ટેશનો વિસ્તાર વધુ હોઇ સમય મર્યાદમાં બનાવવાળી જગ્યાએ પહોંચી શકાતું ન હોવાના કારણે પ્રજાની સલામતિ જોખમાય છે. આમ કાયદા અને વ્યવસ્થાની જાળવણીમાં પડતી મુશ્કેલીઓ નિવારવા,વહીવટી કામગીરી તથા ભયમુક્ત અને શાંતિપ્રિય વાતવરણ બનાવવા અમદાવાદ શહેરના નવા છ પોલીસ સ્ટેશન તાકીદે શરૂ કરવા બાબતે પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની આમુખ-૧માં દર્શાવેલ તા ૨૯-૮-૧૧ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

૨. આથી કાળજી પુર્વકની વિચારણા બાદ અમદાવાદ શહેરમાં છ પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવા છ પોલીસ સ્ટેશન શરૂ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

3. વિભાજન બાદ જે તે પોલીસ સ્ટેશનનોમાં નીચે મુજબ વિસ્તારનો સમાવેશ થશે

(૧) હાલના એલીસબ્રીજ પોલીસ સ્ટેશનનું વિભાજન કરી એલીસબ્રીજ અને પાલડી એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરવામાં આવેલ છે .જેનો વિસ્તાર નીચે મુજબ રહેશે.

(૧) એલીસબ્રીજ (ચાલુ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર

સરદારબ્રીજથી ઉત્તરે નહેરૂ બ્રીજથી પશ્ચિમે ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી ગાંધીગ્રામ રેલવે ક્રોસીંગથી નગરી આંખની હોસ્પિટલથી એલીસબ્રીજ પોલીસ લાઇન થી નવરંગપુરા પોલીસ સ્ટેશનની હદથી ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનની હદ થી આંબાવાડી સર્કલથી સીધા પશ્ચિમ પાંજરાપોળ ચાર રસ્તા થી દક્ષિણ નહેરૂનગર સર્કલ થી દક્ષિણે શ્રેયસ ક્રોસિંગથી પૂર્વ જલારામ ક્રોસિંગથી પાલડી ચાર રસ્તા થી સીધા સરદારબ્રીજ સુધી જેમાં વચ્ચેના કોચરગામ કાગદિવાડ માદલપુર ગામ ,ગુજરાત કોલેજ,કલગી ચાર રસ્તા વી.એસ.હોસ્પિટલ ભુદરપુરાગામ આંબાવાડી આંબેડકર કોલોની વિસ્તાર.

(૨) પાલડી (નવા)પોલીસ સ્ટેશનનો વિસ્તાર:--

એલીસબ્રીજ પોલીસ સ્ટેશનના મધ્ય ભાગમાંથી એટલેકે સરદાર બ્રીજના પશ્ચિમ છેડાથી પાલડી ચાર રસ્તાથી ઉત્તર જલારામ રેલ્વે ક્રોસિંગ થી પશ્ચિમ રેલ્વે લાઇન શ્રેયસ રેલવે ક્રોસીંગબ્રીજ સુધી બ્રીજથી દક્ષિણે ધરણીધર ચાર રસ્તા થી સીધા આંબેડકર બ્રીજ થી ઉત્તર નદી સહિતનો ભાગ કે જેમાં નારાયણનગર વિસ્તાર એન.આઇ.ડી.સુધીનો વિસ્તાર સમાવેશ કરવાનો રહે છે જેમા પાલડી ગામ તથા ફતેપુરા ગામ તથા પાલડી ભઠ્ઠા વિગેરે વિસ્તાર જે સૂચિત પાલડી વિસ્તારમાં રહેશે.

(૨) હાલના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનનું વિભાજન કરી વસ્ત્રાપુર અને બોડકદેવ એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરવામાં આવે છે જેનો વિસ્તાર નીચે મુજબ રહેશે.

(૧) વસ્ત્રાપુર (ચાલુ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર :-

ઉત્તરે:- મેમનગર સુભાષચોક થઇ સુરધારા સર્કલ થી શાલ હોસ્પિટલ થી દુરદર્શન કેન્દ્રના સામેના રોડ થઇ થલતેજ ચોકીનો સમગ્ર વિસ્તાર.

પશ્ચિમે:- થલતેજ ચોકીથી સીધા થલતેજ ગામના સર્કલ બોડકદેવ ગામ તથા અમદાવાદ રૂરલ દસક્રોઇ તાલુકાની અમદાવાદની હદ થઇ રાજપથ કલબના પાછળ થઇ સરખેજ ગાંધીનગર હાઇવે.

દક્ષિણે:- રાજપથ કલબથી સીધા આશીષ સ્કુલ થઇ સત્યાગ્રહ છાવણી પાછળના ભાગેથી પ્રેમચંદનગરનો પાછળનો રોડ થઇ સીધા મહારાણી હોલ થઇ સેટેલાઇટ ટાવર થઇ અમાવસ્યા સર્કલ થઇ સીધા રત્ન સોસાયટીના નાકા સુધી ૧૩૨ ફુટ રીંગ રોડના સમગ્ર વિસ્તાર

પૂર્વે:- રચના સોસાયટી કેશવબાગ પાર્ટી પ્લોટ ૧૩૨ ફુટ થઇ અંધજન મંડળ ચાર રસ્તા થઇ હેલ્મેટ સરકલ થઇ સીધો ગુરૂકુળ મંદિરથી ઉત્તર તરફ સુભાષ ચોકનો સમગ્ર વિસ્તાર.

(૨) બોડકદેવ (નવા) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-

ઉત્તરે :- જજીસ બંગલા પોલીસ ચોકી થી આઇ.ઓ.સી.પેટ્રોલપંપ થી પુષ્પરાજ ટાવરથી એન.એફ.ડી.સર્કલ.

પશ્ચિમે:- જજીસ બંગલા ચોકીથી પકવાન ચાર રસ્તા થઇ સીધું ભવન થઇ

પી.આર.એલ.ક્વાટર્સ સુધીનો વિસ્તાર.

દક્ષિણે:- જજીસ બંગલા ચોકીથી મધરડેરી ચાર રસ્તાથી એચ.પી.કંપની પેટ્રોલ પંપથી દેવાશીષ સ્કૂલ તરફ જતાં રોડનો સમગ્ર વિસ્તાર.

પૂર્વ:- :- જજીસ બંગલા ચોકીથી માનસી સર્કલથી કેશવબાગ પાર્ટી પ્લોટ ૧૩૨ ફૂટ રીંગ રોડ સુધી.નો વિસ્તાર.

(3.) હાલના નારણપુરા પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નારણપુરા અને વાડજ પોલીસ સ્ટેશન એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરવામાં આવે છે, શરૂ કરવાની દરખાસ્ત છે જેનો વિસ્તાર નીચે મુજબનો રહેશે.

**(૧) નારણપુરા (ચાલુ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-**

હાલની નારણપુરા પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર એટલેકે ધોળકા રેલ્વે લાઇનથી પશ્ચિમનો ભાગ દક્ષિણે સરદાર પટેલ સ્ટેડીયમથી ઉત્તરે શાસ્ત્રીનગર,પ્રગતિનગર પશ્ચિમે એઇસી સર્કલ ૧૩૨ ફુટ રીંગ રોડનો વિસ્તાર.

**(૨) વાડજ (નવા) પોલીસ સ્ટેશન વિસ્તાર :-**

વાડજ પોલીસ સ્ટેશનમાં જુના વાડજ પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર એટલે કે ધોળકા રેલવે લાઇન પુલ તરફ ઇન્કમટેક્ષ સર્કલ, ઉસ્માનપુરા ગામ સાબરમતી નડી,વાડજ સર્કલ ચંદ્રભાગા બ્રીજ, ગાંધીનગર ટેકરો સોહરાબજી કંપાઉન્ડ કીરણ પાર્ક ભીમજીપુરા સર્કલ સુધીનો વિસ્તાર અને નવા વાડજ ઠાકોર વાસ, નિર્ણય નગર અને પ્રબોધ રાવળ બ્રીજ સુધીનો વિસ્તાર .

(૪) હાલના ઓઢવ પોલીસ સ્ટેશનનું વિભાજન કરી ઓઢવ અને નિકોલ એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરવામાં આવે છે,જેનો વિસ્તાર નીચે મુજબ રહેશે.

**(૧) ઓઢવ (ચાલુ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-**

ઓઢવ ઝડેશ્વરના પાછળના ભાગેથી શિવમ ફ્લેટ આવાસ યોજનાથી ઉત્તરે ગોકુલનગર ત્રણ રસ્તાથી પશ્ચિમે આદીનાથ નગર એ.એમ.ટી.એસ.છેલ્લા બસસ્ટેન્ડથી રોડ સિવાયનો ભાગ ઉત્તરે થઇ મુરલીધર સોસાયટીથી પૂર્વ ઓઢવ એપ્રોચ થી ઉત્તર ઓઢવ ગામ રોડ થઇ જનતાનગર ટેકરા રોડ થઇ નિકોલ વડથી ઉત્તરે ખોડિયાર મંદિર છોડી રોડ સહિતનો ભાગ વિદ્યા સંકુલ થઇ માનસરોવર થઇ જીવનવાડી ત્રણ રસ્તા થઇ નિકોલ મુક્તિધામ વોટર ડીસ્ટ્રીબ્યુટર થઇ યોગી પેલેસ થઇ સિધ્ધાંત કોમ્પ્લેક્ષ થઇ રઘુવીર પાર્ક-૧ થી ઉત્તમનગર વેરા થઇ ઇલેક્ટ્રીક સબ સ્ટેશન થઇ આરાધના પેલેસ થઇ સ્વસ્તિકનગર સરીતાનગર થઇ ડાયમંડ ટેક્ષટાઇલ મિલ થઇ સરદાર મોલ થઇ ઠક્કરનગર એપ્રોચ ચાર રસ્તા સુધી રોડ સહિતનો વિસ્તાર ઠક્કરનગર ચાર રસ્તાથી દક્ષિણ પૂર્વ તરફનો ભાગ નેશનલ હાઇવે નં-૮ રોડ સહિતનો વિસ્તાર જેમાં લીલાનગર,સતાધારનગર, ખોડીયારનગર, નારાયણનગર, વિરાટનગર, ચાર રસ્તાથી સોનીની ચાલ થઇ રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા થી પૂર્વ રોડ સહિતનો વિસ્તાર આવરી લઇ સુમીનપાર્ક રોડ સિવાયનો ઉત્તરનો વિસ્તાર અર્બુદાનગરનો વિસ્તાર

આવરી લઇ સહજાનંદ બંગ્લોઝથી ઉત્તરે અર્બુદાનગર રોડ સિવાયના વિસ્તારથી મહેશ્વરી ચાર રસ્તાથી આદીનાથ વિસ્તાર કૃષ્ણધામ સોસાયટીથી કર્ણાવતી બંગ્લોઝ થી ઉત્તરના ખેતર છોડી સેન્ટ્રલ વર્કશોપના કોટની અંદરનો વિસ્તાર ઝાડેશ્વર મહાદેવના પાછળના ભાગ સુધીનો વિસ્તાર.

**(૨) નિકોલ (નવા) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-**

ઓઢવ ઝાડેશ્વર મહાદેવના પાછળના ભાગેથી શિવમ ફ્લેટ આવાસ યોજનાથી ઉત્તરે ગોકુલનગર ત્રણ રસ્તાથી પશ્ચિમે આદિનાથનગર એ.એમ.ટી.એસ. છેલ્લા બસ સ્ટેન્ડથી ઉદય એસ્ટેટ થઇ મુરલીધર સોસાયટીથી પૂર્વ ઓઢવ એપ્રોચથી ઉત્તર ઓઢવ ઓઢવ ગામ રોડ થઇ જનતાનગર ટેકરા રોડ થઇ નિકોલ વડથી નરોડા તરફ જતાં રસ્તે રોડ સહિતનો મનાલી રેસીડન્ટથી ઉદય એસ્ટેટથી મહેશ્વરી સોસાયટીથી ચિત્રકુટ સોસાયટીથી ઉમા સ્કૂલથી કોમેશ્વરપાર્ક થી શુકન બંગ્લોઝ ચાર રસ્તાથી સર્વોદય વિલાથી દેવ ફ્લેટથી શ્યામ ફાર્મ હાઉસ મનોહર વિલા ચાર રસ્તાથી ભરવાડના મકાન સામે શુકન એકલ્વથી સ્થાપત્ય રેસીડેંન્સીથી રોયલ બંગ્લોઝથી શબરી બંગ્લોઝથી જમણી બાજુ વળી પારસ ગેલેક્ષીથી કર્ણાવતી બંગ્લોઝ થી શુભંમ બંગ્લોઝથી હરિદર્શન ચાર રસ્તાથી જમણી બાજુ વળી રોડ સિવાયનો ભાગ કર્ણાવતી બંગ્લોઝથી ગોકુલ કુપ્લેક્ષથી રાધે બંગ્લોઝ થઇ ઇ.એમ.આર.આઇ.૧૦૮ થી દાસ્તાન ફાર્મ કઠવાડા રીંગરોડ સરકલનો વિસ્તાર.

(૫) હાલના અમરાઇવાડી પોલીસ સ્ટેશનનું વિભાજન કરી અમરાઇવાડી અને ખોખરા એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરેલ છે જેનો વિસ્તાર નીચે મુજબ રહેશે.

**(૧) અમરાઇવાડી (ચાલુ ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-**

અમરાઇવાડી પોલીસ સ્ટેશનમાં હાલની નાગરવેલ પોલીસ ચોકી ન્યુકોટન પોલીસ ચોકી અને હાટકેશ્વર પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર.

**(૨) ખોખરા (નવા) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-**

ખોખરા પોલીસ સ્ટેશનમાં ખોખરા પોલીસ ચોકી તથા ગોરના કુવા પોલીસ ચોકીનો સમગ્ર વિસ્તાર. જેમાં હાટકેશ્વર સર્કલથી શરૂ થઇ દક્ષિણે ખોખરા રેલવે ઓવરબ્રીજ થઇ દક્ષિણ તરફ ઇલાજ રેલ્વે ક્રોસિંગ થઇ પૂર્વ કાશી વિશ્વનાથ મંદિર, બાવાવાડા છાપરા થઇ ૧૩૨ ફૂટનો રીંગ રોડ થઇ ઉત્તર તરફ હાટકેશ્વર સર્કલ સુધીનો ભાગ,જ્યારે ગોરના કુવા પોલીસ ચોકી વિસ્તારમાં ઇલાજ રેલ્વે ક્રોસીંગ થઇ રેલ્વે ટ્રેકનો કેડીલાબ્રીજ સુધીનો નેશનલ હાઇવે નં-૮નો પશ્ચિમ તરફનો ભાગ સીટીએમ ચાર રસ્તા સુધી તેમજ સીટીએમ ચાર રસ્તાથી દક્ષિણે હાટકેશ્વર સર્કલ સુધીનો તેમજ હાટકેશ્વર સર્કલથી ૧૩૨ ફુટ રીંગ રોડ ઉપર સેવન ડે સ્કૂલ સુધીનો વિસ્તાર.

(૬) હાલના નરોડા પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નરોડા અને કૃષ્ણનગર એમ બે પોલીસ સ્ટેશનો જાહેર કરવામાં આવેલ છે જેનો વિસ્તાર નીચે નુજબ રહેશે.

(૧) નરોડા (ચાલુ) પોલીસ સ્ટેશનનો વિસ્તાર;-

નરોડા પોલીસ ચોકીનો હરિદર્શન ચાર રસ્તાથી વ્યાસ વાડી એટલેકે ખારીકટ કેનાલ તરફ જવાના રોડથી ઉત્તર તરફનો ભાગ એટલેકે વ્યાસવાડી,વસંતવિહાર ગોકુલધમ સોસાયટી સ્વામિનારાયણ મંદિર વિગેરે વિસ્તાર.

(૨) કૃષ્ણનગર (નવા) પોલીસ સ્ટેશનનો વિસ્તાર:-હરિદર્શન ચાર રસ્તાથી ખારીકટ કેનાલ તરફ જતાં દક્ષિણ તરફનો નવા નરોડા ચોકીનો ભાગ તેમજ હરિદર્શ ચાર રસ્તાથી ખારીકટ કેનાલ સુધીનો રોડ તથા હરિદર્શન ચાર રસ્તા તથા કૃષ્ણનગર પોલીસ ચોકીનો વિસ્તાર ઉપરાંત સૈજ્પુર ચોકીનો સૈજપુર ગામ, ચુનારાવાસ-૧ અનેર,ચહેરનગર ગાયત્રી સોસાયતી, કુબેરેશ્વર મહાદેવના મંદિર સામેના ભાગથી રેલ્વે લાઇન રાજસ્થાન વીડીયોની સામે સુધી તેમજ પાટી ચોકીનો ફદેલી વિસ્તાર.

૪ અમદાવાદ શહેરના નવરચિત છ પોલીસ સ્ટેશનો સત્વરે કાર્યરત થાય એ માટે કરવાની.થતી આનુષાંગિક કાર્યવાહી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તથા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદએ હાથ ધરવાની રહેશે. આ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં જરૂરી નાના મોટા ફેરફારો કમિશ્નરશ્રી કરી શકશે.

૫. આ પોલીસ સ્ટેશન હાલના ઉપલબ્ધ મહેકમ,મકાન અને વાહનોની આંતરીક વ્યવસ્થાથી કાર્યરત કરવાનું રહેશે આ અંગેનો કોઇ અલગ વધારાનો ખર્ચ કરવાનો રહેશે નહિ

૬.પોલીસ સ્ટેશનોના વિસ્તાર અંગેના નોટીફીકેશન પોલીસ એક્ટ ૧૯૫૧ની કલમ -૧૨ હેઠળ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ પ્રસિધ્ધ કરી શકશે.

૭. સદરહુ નવા ૬(છ) પોલીસ સ્ટેશન કાયદો અને વ્યવસ્થાની એકંદર પરિસ્થિતિની અનુલક્ષીને વર્ષ ૨૦૧૧-૧૨માં સદરહુ ૬ પોલીસ સ્ટેશન નવા ઉભા કરવા માટેની વિગતવાર નવી સેવાની દરખાસ્ત સરકારશ્રીમાં તાત્કાલિક રજૂ કરીને,તેને વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં મંજૂર કરાવવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮-૧૦-૧૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.ડી.સુથાર)
ઉપસચિવ
ગૃહ વિભાગ

[illegible] 1107 100 L 6

?? OCT

૫૩

પ્રતિ,

-મા. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-મા. રા.ક. મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

-પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ

-એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ

-જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ

- સચિવશ્રી ખર્ચ (નાણા) વિભાગ સચિવાલય ગાંધીનગર

-નાયબ સેક્શન અધિકારીશ્રી

-સિલેક્ટ ફાઇલ.